## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**મિત્રો, શપથ લો કે દુનિયામાં છેલ્લું વૃક્ષ, છેલ્લું ટીપું પાણી, પશુ રહેશે ત્યાં સુધી હું સાવચેત કરવાનો અને તમારે અચૂક આવા પ્રોગ્રામમાં હાજરી આપવાની...**

### આજે વિશ્વ પર્યાવરણ દિને

# પ્લાસ્ટિક વેસ્ટના નિયમોના અમલીકરણ અંગે કાર્ય શિબિર

## પ્લાસ્ટિક કચરાના સુચારૂ વ્યવસ્થાપનનું પ્રદર્શન તેમજ ક્લીનર પ્રોડક્શન એવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૪

પ્લાસ્ટિક વેસ્ટના વ્યવસ્થાપન માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા ચાલુ વર્ષે વિશ્વ પર્યાવરણ દિનની "બીટ પ્લાસ્ટિક પોલ્યુશન" થીમ જાહેર કરાઈ છે.

સરકારના વન વિભાગ દ્વારા આગામી તા. ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે રાજ્ય કક્ષાની ઉજવણી મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કરાશે જેમાં પ્લાસ્ટિક વેસ્ટના નિયમોના અમલીકરણ માટે કાર્ય શિબિર યોજાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પર્યાવરણ રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમાર અને મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘની ઉપસ્થિતિમાં આ કાર્યશિબિરનો સવારે ૧૦ કલાકે શુભારંભ કરાશે.

આ પહેલાં મુખ્યમંત્રી પ્લાસ્ટિક કચરાના સુચારુ વ્યવસ્થાપન માટે યોજાયેલ પ્રદર્શનને ખુલ્લું મૂકીને પ્રદર્શનની મુલાકાત પણ લેશે. પ્લાસ્ટિક વેસ્ટ નિયમો અંગે પુસ્તિકાનું વિમોચન તથા ક્લીનર પ્રોડકશન એવોર્ડ પણ મહાનુભાવોના હસ્તે એનાયત કરાશે. ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે યોજાયેલ ચિત્રસ્પર્ધાના વિજેતાઓને ઈનામોનું વિતરણ કરાશે.

આ સેમિનારમાં બપોરે ૧૨ થી સાંજના ૪.૩૦ સુધીમાં એસેન્સ ઓફ લીગલ ફોર્મ્યુલેશન ઈન ઈન્ડિયા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ એન્ડ આઉટકમ, લાઈફ સાયકલ એસેસમેન્ટ ઓફ પ્લાસ્ટિક, રોલ ઓફ મ્યુનિસિપાલિટિઝ એન્ડ ધ બોટલ નેક્સ, પ્લાસ્ટિકને જાણો, કો-પ્રોસેસિંગ ઓફ પ્લાસ્ટિક વેસ્ટ ઈન સિમેન્ટ કલીન્સ, માઈક્રો પ્લાસ્ટિક વેસ્ટ, કરન્ટ સીનારિયો એન્ડ રોલ ઓફ આઈઈસી ટુ કર્બ ધ પ્રોબલેમ, વેસ્ટ મેનેજમેન્ટ સેક્ટર - અ પ્રોસેસિંગ બિઝનેસ, ટેકનોલોજી-સ્ટેટસ એન્ડ રોલ ઈન પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ, એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ટેક્નોલોજી ફોર રિસાયકિંલગ ઓફ પ્લાસ્ટિક વેસ્ટ અને આઈએસ : ૧૪૫૩૪ ગાઈડલાઈન ફોર રિસાયકિંલગ ઓફ પ્લાસ્ટિક વિષય ઉપર વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ચર્ચા-વિચારણા કરાશે.

## મનપા દ્વારા પ્રેસ સર્કલ પાસેના માઈક્રો શોપીંગનું ભાડું નહિ ભરતી પાંચ દુકાનો સીલ કરાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે માઈક્રો શોપીંગ સે. ૨૯ જે પ્રેસ સર્કલ પાસે આવેલ છે તેની પાંચ દુકાનોને સીલ કરેલ છે. આ પાંચ દુકાન માલિકો પાસેથી સાડા ત્રણ લાખથી પણ વધુની ભાડા-વસુલાત બાકી હોવાથી તંત્ર દ્વારા આ કડક કામગીરી કરવામાં આવી છે.

એક દુકાન માલિક પાસે એક લાખથી પણ વધુ ભાડુ વસુલવાનુ બાકી છે. તો બે દુકાનદારો દ્વારા ૨૦૦૬ થી ભાડુ ભરવામાં આવ્યુ નથી. એક દુકાનદારે છ વર્ષથી ભાડુ ભર્યુ નથી તો એક દુકાનદારે ૨૦૧૬થી ભાડુ ભર્યુ નથી. તંત્ર દ્વારા ભાડા વસુલાત માટે વારંવાર નોટીસો આપવા છતાં દુકાન માલિકો દ્વારા કંઈજ કાર્યવાહી ના થતાં તંત્રની ટીમે આજે સિલીંગનો આખરી રસ્તો અપનાવ્યો છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં મીના બજાર, સે. ૩૦ તેમજ અન્ય વિસ્તારોમાં આવેલ માઈક્રો શોપીંગની દુકાનોનું ભાડુ નહિ ભરનારાઓ સામે પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આ માટે દુકાનદારોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને બાકી રકમની વસુલાત એકાદ કરોડને પાર કરી ગઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## ગણિત - વિજ્ઞાનના ૨૦૦ શિક્ષકોને નવા અભ્યાસક્રમની તાલીમ અપાશે

ગાંધીનગર તા ૪

વર્ષ ૨૦૧૮ના શૈક્ષણિક વર્ષથી એન સી ઈ આર ટી ના અભ્યાસક્રમ મુજબ ધોરણ -૯ માં નવા પાઠયપુસ્તકો અમલમાં આવનાર છે. જયારે આ અભ્યસાક્રમનો અનુલક્ષી પાઠ્યપુસ્તકોના અધ્યાપન અને માર્ગદર્શન માટે ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકોની બિનનિવાસી તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ તાલીમ તા ૧૨ થી ૧૫ જુન તેમજ ૧૮ થી ૨૧ જુન દરમિયાન કરાઈ આનંદબા કેમ્પસ ખાતે યોજાશે. જિલ્લાની વિવિધ શાળાના ૨૦૦ જેટલા શિક્ષકો આ તાલીમમાં ભાગ લેશે.

આગામી શૈક્ષણિક સત્રના પ્રારંભ દરમિયાન ધોરણ -૯ માં ગણિત તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં એન સી ઈ આર ટી ના અભ્યાસક્રમ મુજબ નવા પાઠયપુસ્તકો અમલમાં આવશે. જયારે આ નવા અભ્યાસક્રમ મુજબ શિક્ષકો માટે ખાસ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં શિક્ષકોને નવા અભ્યાસક્રમ મુજબના પુસ્તકોના અધ્યાપન તેમજ માર્ગદર્શન માટે વિશેષ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ તાલીમમાં ગણિત અને વિજ્ઞાન વિષય ભણાંવતા શિક્ષકો હાજર રહેશે. બે તબક્કામાં યોજાનારી આ તાલીમમાં બન્ને વિષયોના પુસ્તકો સાથે શિક્ષકોએ હાજર રહેવાનુ રહેશે. જિલ્લામાંથી ૨૦૦ જેટલા વિષય શિક્ષકોને તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવશે.

## માણસાના ખડાજ ગામે વાડામાંથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો પકડાયો




ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસઓજીની ટીમને શુક્રવારે ચોક્કસ બાતમીને આધારે માણસા તાલુકાના ખડાજ ગામે એક બુટલેગરના વાડામાં દરોડો પાડી સવા લાખની કિંમતનો દારૂનો જથ્થો પકડી પાડયો હતો. એસઓજીની ટીમે વાડામાંથી ૩૧૦ નંગ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી. વાડામાંથી પકડાયેલો દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર સામે કાયદેસરની કાર્યવાહી કરી એસ.ઓ.જી.એ માણસા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે. માણસા પોલીસે દારૂના જથ્થા અંગે તપાસ શરૂ કરી છે. ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની કડક સૂચનાથી તેમની ટીમ માણસા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પી.એસ.આઈ બી.એમ.પટેલ અને જે.આર. કરોતરાની ટીમને બાતમી મળી હતી કે માણસા તાલુકાના ખડાજ ગામે જુની ખડાજ વિસ્તારમાં રહેતા બુટલેગર પ્રવિણસિંહ ઉર્ફે ભાથીજી દિપસિંહ રાઠોડના મકાનના વાડામાં વિદેશી દારૂનો મસમોટો જથ્થો સંતાડવામાં આવેલો છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમે ગઈ કાલે દરોડો પાડી વાડામાં ચેકિંગ કરતા સંતાડવામાં આવેલી ૩૧૦ નંગ વિદેશી દારૂની બોટલનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. સવા લાખની કિંમતના દારૂના જથ્થા જપ્ત કરી લઈ એસઓજીની ટીમે બુટલેગર પ્રવિણસિંહ ઉર્ફે ભાથીજી દિપસિંહ રાઠોડ સામે ગુનો દાખલ કરી માણસા પોલીસને તપાસ સોંપી છે. વિદેશી દારૂનો આટલો મોટો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં વેચાઈ રહ્યો હતો તે સહિતની ઝીણવટભરી તપાસ માણસા પોલીસે શરૂ કરી છે.

## મારા રોજા થકી કોમી સદ્‌ભાવ ફેલાય તેવો મારો પ્રયાસ છે

ગાંધીનગર, તા. ૪

કાશી અને કાબા મહીં પત્થર તો એક છે, રંગ ભલે જુદો હો પણ કમાલ સરખો છે"

કવિ ગિરીશ શર્માની આ પંક્તિઓ ધર્મનો ભેદભાવ દૂર કરી ઈશ્વરીય તત્વના એકત્વનો મહિમા ઉજાગર કરે છે અને ગાંધીનગરના સેક્ટર-૪-સીમાં રહેતા યુવાન વિશાલ રણજિતસિંહ રાજપૂત છેલ્લા ૭ વર્ષથી દર વર્ષે રમઝાનમાં રોજા રાખી કોમી સદ્‌ભાવનાની મિસાલ બની રહ્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૪-સીમાં પ્લોટ નં. ૮૪૭/૧ ખાતે રહેતા ૨૫ વર્ષીય વિશાલ રાજપૂત વડોદરા ખાતે મલ્ટીનેશનલ કંપની ફલાયડોક્સ ઈન્ડિયામાં એરોનોટિકલ એન્જિનીયરની ફરજ બજાવી રહ્યાં છે. તેઓ છેલ્લાં સાત વર્ષથી દર રમઝાન માસમાં ૧૫ થી ૨૦ રોજા કરે છે. આ વર્ષે પણ તેમણે આટલી ગરમીની મૌસમમાં રોજા રાખ્યા છે અને તે માટે તેઓ દરરોજ પરોઢિયે ચાર વાગે શહેરી ફરમાવી રોજાનો પ્રારંભ કરે છે. રોજાના પ્રારંભે તેઓ ખુદાની બંદગી કરવા નમાઝ પણ અદા કરે છે અને સાંજે મુસ્લિમ મિત્રો સાથે ઈફતારી કરે છે. વિશાલ રાજપૂત કહે છે તેમને રોજા રાખવાની પ્રેરણા તેમના નાનાજી પાસેથી મળી હતી કેમ કે તેઓ પણ નિયમિત રમઝાનમાં



રોજા રાખતા હતા અને નમાઝ પઢવાનુ તેમના મિત્ર સમીરખાને શિખવાડ્યુંહતું. વિશાલ રાજપૂત કહે છે 'રોજા રાખવાની શરૂઆત મેં સાત વર્ષ પૂર્વે જ્યારે હું અજમેર ખાતે ખ્વાજાની દરગાહમાં ગયો હતો ત્યારથી શરૂ કર્યુ છે અને દર વર્ષે રમઝાનમાં ૧૫ થી ૨૦ રોજા કરૂ છુ. અહીં ગાંધીનગરમાં પણ હું ક્યારેક સેક્ટર-૨૧ની મસ્જિદમાં જઈને નમાઝ અદા કરૂ છુ. રોજા કે નમાઝ માટે ક્યારેય મને મારા પરિવારે રોક્યો નથી. મારા ઘણા મુસ્લિમ મિત્રો છે તેઓ પણ જ્યારે જાણે છે કે હું રોજા રાખુ છુ ત્યારે તેઓ ખૂબ ખુશ થાય છે. રોજા ઉપરાંત હુ વર્ષમાં બંને નવરાત્રીમાં નકોરડા ઉપવાસ કરૂ છુ અને શ્રાવણ માસમાં આખો મહિનો એકટાણું કરૂ છુ. મારા રોજા રાખવાને અને મસ્જિદ જવાને કારણે મારા મુસ્લિમ મિત્રોને અચરજ થાય છે ત્યારે તેમને પણ હું મંદિરમાં આવવાનું કહું છુ અને એમાંથી ઘણા મુસ્લિમ મિત્રો મંદિરમાં આવતા થઈ ગયા છે. જેમાંથી કેટલાક મિત્રો તો મારી સાથે પાવાગઢ માતાજીના દર્શનાર્થે પણ આવ્યા હતા.' 'હું રોજા મારી શ્રદ્ધાને કારણે રાખુ છુ અને મારા થકી જેટલો કોમી સદ્‌ભાવ ઉભો થાય તે કરવા પ્રયાસ કરૂ છુ, મારા મુસ્લિમ મિત્રો મને બે હાથ જોડી પ્રણામ કરી વાત કરે છે.' તેવુ જણાવતા વિશાલ રાજપૂતે પોતે દરરોજ ખજૂર ખાઈને ઈફતારી કરતા હોવાનું જણાવ્યુ હતુ.

WORLD ENVIRONMENT DAY
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
Gujarat Pollution Control Board
Knowledge Partner CII Confederation of Indian Industry

વિશ્વ પર્યાવરણ દિન-૨૦૧૮
ગુજરાત યોજે છે
પર્યાવરણ અને સ્વચ્છતા સપ્તાહ અભિયાન



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત



આવો, આપણાં શહેરો તથા ગામોને
ચોમાસા પહેલાં સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત બનાવીએ

- વિશ્વ પર્યાવરણ દિવસથી એક સપ્તાહ સુધી રાજ્યવ્યાપી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન યોજાશે
- રાજ્યના તમામ મહાનગરો, નગરપાલિકાઓ, તાલુકા મથકો તેમજ ૧૦૦ મોટા ગામોમાં 'પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ' યોજાશે
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાથ ધરેલ 'સ્વચ્છ ભારત અભિયાન'ના પગલે યુનાઈટેડ નેશન્સે ભારતને સોંપ્યું વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટેનું યજમાનપદ
- વન અને પર્યાવરણ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, ગ્રામ વિકાસ વિભાગ સાથે સ્વૈચ્છિક-સેવાભાવી સંસ્થાઓ પણ જોડાશે

BEAT PLASTIC POLLUTION

વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજીત
વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી સમારોહ
૫ જૂન, ૨૦૧૮, સવારે ૯.૩૦ કલાકે
સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર

પર્યાવરણનું સંરક્ષણ એ આપણી જવાબદારી છે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત